Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીનાં શિક્ષણ અંગેના વિચારો" અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 વચ્ચેની સામ્યત્તા

**ડૉ.વિપુલભાઇ ગણેશભાઇ પરમાર**
ઇતિહાસ વિભાગ નલિની-અરવિંદ & ટી.વી પટેલ આર્ટસ કોલેજ વલ્લભ વિદ્યાનગર
parmarvipulbhi97@gmail.com

**1.1 ભૂમિકાઃ-**

ગાંધીજીએ પોતાની જીવન ફિલસુફીમાંથી ઘણુ આપ્યું છે. જીવનનું એકપણ ક્ષેત્ર એવું નથી કે જેમાં ગાંધીજીએ અર્થકારણ સ્વચ્છતા દરેક ક્ષેત્રમાં તેમનું આગવું ચિંતન રહ્યુ છે. પરંતુ તે શિક્ષક કેળવણીકાર નહતા છતાં શિક્ષણ અગે તેના સારા પોતાના વિચારો પ્રગટ કર્યા છે. મહાત્મા ગાંધીજી માનતા હતા કે શિક્ષણ ત્યા સુધી ઉપયોગી નથી કે જ્યા સુધીને સારા નાગરિકનું નિર્માણ ના કરી શકે. શિક્ષણ દ્વારા જ સારા નાગરિકનું નિર્માણ કરી દેશને વધુ શક્તિશાળી બનાવી શકાય છે ગાંધીજીનાં મતે શિક્ષણ એવું આપવું જોઇએ કે ``બાળકોના બૌદ્ધિક, સામાજિક, માનસિક, વ્યાવસાયિક વગેરે જેવા જુદા-જુદા પાસાઓના સર્વાંગી વિકાસ સાંધી શકાય.

ગાંધીજીનાં શિક્ષણ ને બાળકનાં આધ્યાત્મિક સામાજિક વિકાસ, સ્વનીશોધ, જીવનનાં અનુભવો જેવી પાયાની બાબતો સાથે સાંકળતા હતા તેઓ આવલંબી કેળવણી ઇચ્છતા કે જેમાં કેળવણી દ્વારા વ્યક્તિનાં ત્રણ મુળભૂત આર્થિક પ્રશ્નો રોજી, રોટી, કપડા દુર થાય ગાંધીજી અક્ષરશાનની કેળવણી કરતાં સરકારની કેળવણીને વધારે મહત્વ આપતા હતા.

શિક્ષણ અંગે ગાંધીજી કહેતા કે, ``બાળકનાં શરીર મન અને આત્માના જે ઉત્તમ અંશો હોય તેમનાં સર્વાગી વિકાસ સાધીને તેમને બહાર લાવવા" ટુકમાં ગાંધીજીનાં મતે શિક્ષણ એ બાળકનાં સર્વાંગી વિકાસ માટેની એક સંપૂર્ણ દૃષ્ટિ છે.

**1.2 ગાંધીજીનાં મતે શિક્ષણનાં હેતુંઓ**

**1 સ્વાવલંબન માટે/ આત્મનિર્ભરતા માટેની કેળવણી**

ગાંધીજી એમ માનતા કે કેળવણી દ્વારા શક્તિ અને સમાજ સ્વાવલંબી બનવો જોઇએ કેળવણી દ્વારા વ્યક્તિની મૂળભૂત જરૂરીયાતો અન્ન, આવાસ અને આચ્છાદાન સંતોષવી જોઇએ જેથી કેળવણી દ્વારા વ્યક્તિ સ્વાશ્રયી બની શકે.

**2 સાંસ્કૃતિક વિકાસ**

ગાંધીજીનાં મતવ્ય અનુસાર કેળવણીનો મહત્ત્વનો ઉદ્દેશ્ય રાષ્ટ્રની સામાજીક સંસ્કૃતિનું ઉચ્ચ આદર્શો અને મૂલ્યોનું જતન અને માનજત કરવાનું કેળવણી નું કાર્ય છે. તેઓ કહેતા કે અક્ષર જ્ઞાન કરતા હું સંસ્કારની કેળવણીને વધારે મહત્વ આપું છું.

**3 ચારિત્ર્ય નિર્માણઃ-**

ચારિત્ર્ય ઘડતર વિશે જણાવ્યુ કે શિક્ષણ દ્વારા વ્યક્તિમાં હિંમત, બળ વગેરે ગુણોનો વિકાસ ઉપરાંત વ્યક્તિએ જીવનમાં મહાન ધ્યેય માટે પોતાને સમર્પિત કરી દેવી જોઇએ.

**5 મુક્તિ માટે કેળવણી—**

પ્રાચીન ભારતમાં કેળવણીનો મહત્વનો ઉદ્દેશ્ય સા વિધા યા વિમુક્તને નો હતો. સાચી કેળવણી એ છે કે માનવને મુક્તિ અપાવે છે તે મુક્તિ દાતા હોય જે સર્વ પ્રકારના બંધનોમાંથી કે દાસત્વમાંથી મુક્તિ અપાવે તેજ સાચી વિધા અને સાચી કેળવણી

**6 સર્વાંગી વિકાસઃ-**

કેળવણી દ્વારા પૂર્ણ માનવનો વિકાસ થવો જોઇએ તેઓ કેળવણી દ્વારા હસ્ત હૈયું અને મસ્તિષ્કનો વિકાસ થવો જોઇએ તેમ માનતા પરંતુ ગાંધીજીએ બાળકની શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક શક્તિઓને

બહાર લાવી તેમનો સમુચિત અને સંતુલિત વિકાસ થાય તે કેળવણી ઉપર ભાર મુકયો

**6 જીવનનાં ઉચ્ચતર મુલ્યોનો વિકાસઃ**

કેળવણી દ્વારા નૈતિક, આધ્યાત્મિક, સામાજિક અને સૌદર્ય બોધક મુલ્યો જે જીવન ઘડતર કરે છે. તે મુલ્યોના વિકાસ પર ભાર મુક્તા હતા સત્ય અહિંસા, પ્રેમ કે કરૂણા, ભાતૃત્વ જેવા મૂલ્યોનો વિકાસ થવો જોઇએ

**7 આત્મ સાક્ષાત્કારઃ-**

ગાંધીજી એક આદર્શવાદી કેળવણી કાર તરીકે કેળવણીના સર્વોચ્ચ ઉદ્દેશ્યો તરીકે આત્મ સાક્ષાત્કાર ને ગણાવે છે. આત્મ સાક્ષાત્કાર એટલે સ્વ પ્રતીતિ વ્યક્તિને પોતાની મહાનતા અને સમયમર્યાદાઓનું જ્ઞાન થાય અને તે દ્વારા વ્યક્તિ આત્મસંયમ આત્મ સાક્ષાત્કાર કરવા પ્રેરાય.

**1.3 ગાંધીજી નાં શિક્ષણ અંગેનો વિચારોઃ-**

ગાંધીજીનાં નિર્દેશ પ્રમાણે જાકુર હુસેન સમિતિએ બુનિયાદી શિક્ષણનાં નીચેના સિધ્દ્રાંતો નિરૂપિત કર્યા હતા.

**1.3.1 વિના મૂલ્ય શિક્ષણ અને ફરજીયાત શિક્ષણઃ**

આ પધ્દ્રતિ અંતર્ગત સાતથી ચૌદ વરસ સુધીનાં બાળકો માટે નિઃશૂલ્ક અનિવાર્ય શિક્ષણની વ્યવસ્થા થઇ હતી, પરંતુ થોડા સમય પછી આ અવધિ બે ભાગમાં વિભાજીત કરવામાં આવી જુનિયર બુનિયાદી શિક્ષણ અને સિનિયર બુનિયાદી શિક્ષણ પ્રથમમાં અગિયાર વર્ષની વયના બાળકોનો સમાવેશ કરાયો.

**1.3.2 શિક્ષણનું માધ્યમ માતૃભાષાઃ**

સમિતિએ સર્વ સંમતિથી એ નિર્ણય કર્યો કે શિક્ષણનું માધ્યમ ભાતૃભાષા હોય કારણ કે બાળક માતૃભાષાનાં માધ્યમ ને જ પોતાની સંસ્કૃતીનું વાસ્તવિક શિક્ષણ મેળવી શકે છે કારણ કે માતૃભાષાનો સંબંધ એના માંસ અને રકત સાથે જોડાયેલ છે. પોતાની ભાષામાં જ પોતાની સંસ્કૃતિ અને જનતાની આજ્ઞા વિહિત હોય છે. એ શીખવાથી કે વાંચવાથી ભાષામાં યથાર્થ અને સ્પષ્ટતા આવે છે એના દ્વારા નૈતિકતા અને સૌદર્યો પાસના નો જન્મ થાય છે. આ પછી દ્વિતીય ક્રમે હિન્દી ભાષાને સ્વકૃતિ અપાઇ છે.

**1.3.3 શિક્ષણ કોઇ ઉત્પાદન કાર્ય પર અવલંબિત હોયઃ**

આ શિક્ષણનું માધ્યમ હસ્તકલા છે. એને બુનિયાદી એટલા માટે કહેવામાં આવે છે કે સંપૂર્ણ શિક્ષણ કોઇ હસ્તકલા અનુસાર પરસ્પર કેન્દ્રીત બને છે. અને સંપૂર્ણ શિક્ષણ હસ્તકલા અનુસાર આપવામાં આવે છે. એના બધાં વિષયો ભિન્ન ભિન્ન નહોતા પરસ્પર કેન્દ્રિત હોય છે.

**1.3.4 આત્મ નિર્ભરતાઃ-**

ગાંધીજીમાં નિર્દેશ પ્રમાણે સમિતિએ નિર્ણય લીધો કે વિદ્યાલયોને જ આત્મ નિર્ભર બનાવી દેવામાં આવે કે જેથી કોઇપણ અભિભાવકો પાસેથી આર્થિક સહાયથી આવશ્યકતા નરહે અને નતો સરકારી સહાયની આ માટે ઉધોગ- કેન્દ્રિત શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. આથી કેવળ બાળકોનો ચતુર્દિક વિકાસ જ નથી થતો બલ્કે બાળકો આત્મ – નિર્ભર પણ બની જાય છે અને એમના ઉધોગો દ્વારા શિક્ષકોનું વેતન પણ નીકળી જાય આ વિશે ગાંધીજી એ કહ્યુ છે, ``હુ એમ ઇચ્છુ છુ કે શિલ્પકલા દ્વારા જે ધન બાળકો કમાય છે. એનાથી એના શિક્ષણનો ખર્ચ નીકળી શકે મને વિશ્વાસ છે કે દેશના કરોડો બાળકોને શિક્ષણ આપવાનો અન્ય કોઇ ઉપાય નથી.''

**1.4 ગાંધીજીનાં બુનિયાદી શિક્ષણનો પાઠ્યક્રમઃ-**

(1) હસ્તકલાઓઃ- આમા કાંતણ, વણાંટ, ભરતકામ અને ઉધોગ, કૃષિ વગેરેનો સમાવેશ છે (2) માતૃભાષાઃ- શિક્ષણ માટેની આ માધ્યમિક ભાષા છે (3) સામાજિક અધ્યયનઃ- આમા ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર ઇત્યાદિ વિષયનો સમાવેશ થાય છે. (4) સામાન્ય વિજ્ઞાનઃ- આમાં ઉધોગ-કૃત્રિ, વનસ્પતિશાસ્ત્ર, પશુવિધા, સ્વાસ્થ્ય વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર વગેરે (5) ગણિત આની અંતર્ગત અંકગણિત, બીજગણીત, અને ભૂમિતિનો સમાવેશ થાય છે. (6) કલાઃ- ચિત્ર અને ડ્રોઇગ (7) સંગીતઃ-

સંગીત શાસ્ત્રનું પ્રાથમિક જ્ઞાન (8) હિન્દુસ્તાની આનો સંબંધ રાષ્ટ્રભાષા હિન્દી સાથે છે.

આ યોજના માં પાંચમાં ધોરણ સુધી છોકરા અને છોકરીઓનો કોર્સ એકજ હોય છે. પરંતુ છઠ્ઠા અને સાતમાં ધોરણનાં પાઠ્યક્રમમાં છોકરીઓ માટે ગૃહ વિજ્ઞાનની વ્યવસ્થા કરવામાં આવે છે તથા છોકરાઓ માટે સામાન્ય વિજ્ઞાનની

## 1.5 બુનિયાદી શિક્ષણ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 વચ્ચેની સામ્યતા

મહાત્મા ગાંધીજી એ પરંપરાગત ચાલતી શિક્ષણનીતિ ને બદવા નઇ તાલિમ શિક્ષણ પ્રણાલીનો પ્રારંભ કર્યો હતો. અને આજ રીતે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ પ્રણાલીગત ચાલતી શિક્ષણમાં પરિવર્વન લાવવા માટે ઘડવામાં આવી છે.

- મહાત્મા ગાંધીજીનાં મતે શિક્ષણ એ બાળકનો જન્મ સિદ્ધ અધિકાર છે તેથી તેમણે દરેક વર્ગ ના બાળકો ને માટે 6 છી 14 વય જૂથ નું શિક્ષણ મફત અને ફરજીયાત મને સાર્વત્રિક બનાવ્યુ હતું.

  **NEP નો હેતુ 2030 સુધીનાં શાળાઓમાં શિક્ષણ માટે 100% કુલ નોધણી ગુણોત્તર પ્રામ કરવાનો છે એમાં સમાન સાર્વત્રીક શિક્ષણની જોગવાઇ છે.**

- મહાત્મા ગાંધીજી માતૃભાષા ને પ્રથમ સ્થાન આપતા હતા વિધાર્થી માતૃભાષા દ્વારા જ્ઞાન ગ્રહણ કરી શકે તે અન્ય ભાષા દ્વારા ગ્રહણ કરી શકતો નથી.

  **NEP શિક્ષણ ધોરણ પાંચ સુધી માતૃભાષામાં હશે ધોરણ 8 સુધી દ્વિભાષા અભિગમ રહેશે.**

- ઉધોગ દ્વારા શિક્ષણ એ નઇ તાલિમનાં પાયાનો સિદ્ધાંત છે. ગાંધીજીનાં મતે બાળકની કોઇપણ પાયામાં ઉધોગદ્વારા શિક્ષણ મળવું જોઇએ

  **NEP માં ઇ.સ.2025 સુધીમાં ઓછામાં ઓછા 50% તમામ વિધાર્થીએ વ્યવસાઇક શિક્ષણ આપવાનો હેતુ છે. વ્યવસાઇક તાલિમ સંસ્થાઓ સમાજની માંગને અનુરૂપ ઉધોગો સાથે ભાગીદારી કરી યુવા વિધાર્થીઓને ઉધોગ સંબંધી તાલીમ આપવામાં આવશે.**

- મહાત્મા ગાંધીજીનાં મત અનુસાર શિક્ષણ સ્વાવલંબી હોવુ જોઇએ ગાંધીજી એમ માનતા હતા કે 14 વર્ષની ઉંમરે બાળક શાળા છોડીને જાય ત્યારે કમાવાની આર્થિક ઉપાર્જન કરવાની શક્તિ આવે

  **NEP માં પણ ધોરણ 6 થી 8 મા વ્યવસાયિક કૂશળતા, હસ્તકલા વિશે જ્ઞાન આપવામાં આવશે.**

## 1.6 ઉપસંહાર

આ રીતે એમ કહી શકાય કે બુનિયાદી શિક્ષણ પ્રણાલી કેવળ ભારતને માટે જ નહી પણ સમગ્ર વિશ્વ માટે અનુકરણીય છે. કારણ કે એમાં માતૃભાષા, રાષ્ટ્રભાષા, રાષ્ટ્રીય સંસ્કૃતી અને વિશ્વ કલ્યાણની ભાવના ને નજરમા રાખીને વિચારાયું છે આ યોજના શિક્ષણ, દર્શન અને મનોવિજ્ઞાન નનાં નવિનતમ સિદ્ધાંતો પર આધારિત છે એની અંતર્ગત ક્રિયા દ્વારા શિક્ષણ આપવાની વ્યવસ્થા છે. બાળકોની જન્મ જાત પ્રવૃતિઓ પર વિશે ધ્યાન આપવામાં આવેલ છે આ પ્રણાલી સ્વભાવથી જ પ્રગતિશીલ છે. અને બાળકો નાં હાથ, હદય અને મગજનાં વિકાસ માટેની એક પ્રયોગશાળા જેવી છે, ટુંકમાં બુનિયાદી શિક્ષણ પ્રણાલી વિશે એમ કહી શકાય કે એનો ઉદ્દેશ્ય માત્ર આત્મ કલ્યાણ નો નથી, પરંતુ રાષ્ટ્ર કલ્યાણ અને વિશ્વકલ્યાણ માટે નો છે.

**સંદર્ભ ગ્રંથો**


1 ચંદ્ર મૌલિ વિદ્યાલંકાર, ``વિશ્વના મહાન શિક્ષણ શાસ્ત્રીઓ'', પ્રવિણ પુસ્તક ભંડાર, બીજી આવૃત્તિ 2010,

2 દવે જયેન્દ્રશાસ્ત્રી, ``ભારતીય ચિંતકોનું શિક્ષણ ચિંતન'', યુનિ. ગ્રંથ નિમાર્ણ બોર્ડ અમદાવાદ, પ્રથમ આવૃતિ

3 ગાંધી, મોહનદાસ (સંકલન પ્રભુ આર, કે., ``મારા સ્વપ્ન નું ભારત'', નવજીવન પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ

4 પટેલ મનોજ જૈ, ``ગાંધીનું ધર્મ દર્શન'' યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ

5 પટેલ એમ એસ ``મહાત્મા ગાંધીની કેળવણીની ફિલ સુફી'', નવજીવન પ્રકાશન અમદાવાદ,

6 શાહ ગુણવંત, ``શિક્ષણ દર્શન'', બી.એમ.શાહ પ્રકાશન, અમદાવાદ,

7 ગાંધી મોહનદાસ, ``સત્યના પ્રયોગો'' નવજીવન પ્રકાશન અમદાવાદ

8 વરસાત એ, કે, પરમાર સી. એમ. ``મહાત્મા, ગાંદીજીનું શિક્ષણદર્શન'' Keg uournal of Educalion 2012-13

9 નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 Pdf

10 www.dixa.com